વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના ગુજરાત ગોપાલક વિકાસ નિગમને સીધા ધિરાણ યોજના અંતર્ગત ત્રીજા હપ્તા પેટે બાકી રહેલ કુલ રૂ.૩.૮૭ કરોડની ગ્રાન્ટ ફાળવવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2026/1301/A-1 Section**
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ઇ-સાઇન મુજબ

<u>વંચાણમાં લીધા:-</u>

(૧) આ વિભાગનો તા:૦૨/૦૪/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક:**SJED/AWA/e-file/17/2025/2859/A-1 Section.**

(૨) આ વિભાગનો તા:૧૮/૦૬/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક:**SJED/MIS/e-file/17/2026/1301/A-1 Section.**

(3) આ વિભાગનો તા:૦૭/૦૮/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક:**SJED/MIS/e-file/17/2026/1301/A-1 Section.**

(3) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણના તા.૧૯/૦૯/૨૦૨૬નો પત્ર ક્રમાંક: **DDCW/LG/e-file/225/2026/1443/CHH-Branch-Board Corporation - Govt Hostel.**

<u>આમુખ:-</u>

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૦૨/૦૪/૨૦૨૬ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના પાંચ નિગમોને સીધા ધિરાણ યોજના અંતર્ગત લોન આપવા અંગેની આ વિભાગના વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં રૂ.૨૨૪.૦૦ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ અન્વયે વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૧૮/૦૬/૨૦૨૬ના ઠરાવથી વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના પાંચ નિગમોને સીધા ધિરાણ યોજના અંતર્ગત લોન આપવા અંગેની કુલ બજેટ જોગવાઇ રૂ.૨૨૪.૦૦ કરોડ પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ.૫૬.૦૦ કરોડની ગ્રાન્ટ સંબંધિત નિગમને હવાલે મુકવાની મંજૂરી આપવામાં આવેલ છે. અને વંચાણે લીધેલ ક્રમાંક (3) પરના તા.૦૭/૦૮/૨૦૨૬ના ઠરાવથી વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના ગુજરાત ગોપાલક વિકાસ નિગમને સીધા ધિરાણ યોજના અંતર્ગત બીજા હપ્તા અને ત્રીજા હપ્તા પેટે કુલ રૂ.૧૧.૧૩ કરોડની ગ્રાન્ટ સંબંધિત નિગમને હવાલે મુકવાની મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના પત્રથી તેઓ હસ્તકના ગુજરાત ગોપાલક વિકાસ નિગમને સીધા ધિરાણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ની કુલ રૂ.30.00 કરોડની બજેટ જોગવાઈ પૈકી ત્રીજા હપ્તા પેટે બાકી રહેલ રૂ.૩.૮૭ કરોડની ગ્રાન્ટ ઉક્ત નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાના અંતે, વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ગુજરાત ગોપાલક વિકાસ નિગમને સીધા ધિરાણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.30.00 કરોડની બજેટ જોગવાઈ પૈકી ત્રીજા હપ્તા પેટે બાકી રહેલ રૂ.૩.૮૭ કરોડની ગ્રાન્ટ ઉક્ત નિગમના હવાલે મૂકવા નીચેની શરતોને આધીન નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને આથી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

<u>શરતો:</u>

1. તમામ નિગમોએ વર્ષ ૨૦૨૬-૨૭ સુધીના હિસાબો પૂર્ણ કરી અદ્યતન વિગતો પ્રૂફ સિસ્ટમમાં અપલોડ કરવાની રહેશે.
2. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક સંબંધિત નિગમના હવાલે મુકવાની રહેશે અને તેની જાણ વિભાગને કરવાની રહેશે.

3. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ લોન ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.
4. ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
5. નાણાકીય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
6. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
7. પ્રવર્તમાન યોજનાઓના નોર્મ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
8. સને ૨૦૨૬-૨૭ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
9. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
10. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
11. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
12. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
13. આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
14. ઉપર્યુક્ત મંજૂર કરવામાં આવેલ ગ્રાન્ટ જે હેતુ માટે છૂટી કરવામાં આવે છે તે હેતુ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વમંજૂરી સિવાય ખર્ચ કરી શકાશે નહીં. આ અગાઉ તેમજ આ ઠરાવથી છૂટી કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક વિભાગને રજૂ કરવાની રહેશે.
15. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
16. નવી સેવાઓના સંદર્ભમાં નાણાં સલાહકારશ્રી/નાણાં વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.
17. હવે પછીની મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

<u>સદરની વિગત:</u>

| | |
|---|---|
| નાણાકીય વર્ષ | ૨૦૨૬-૨૭ |
| માંગણી ક્રમાંક | ૯૨ |
| મુખ્ય સદર | ૬૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓના કલ્યાણ માટે લોન |
| પેટા મુખ્ય સદર | ૦૩- પછાત વર્ગોનું કલ્યાણ |
| ગૌણ સદર | ૧૯૦- જાહેર સાહસો અને અન્ય ઉપક્રમોને લોન |
| પેટા સદર | ૦૪- નિગમોને સ્વરોજગારલક્ષી અને શૈક્ષણિક યોજનાઓ માટે ધિરાણ |
| વિગતવાર સદર | લોન અને પેશગીઓ |

આ ઠરાવ વિભાગની સમાનાંકી ફાઈલ પર નાણા વિભાગની તા.૦૯/૧૦/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

**(દેવ્યાની ઝાલા)**
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

1. માન.મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી (ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. સચિવશ્રી (આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
7. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. મેનજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ. (નિયામકશ્રી (વિ.જા.ક.)ની કચેરી મારફત.)
9. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
10. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
11. તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
12. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
13. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
14. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ.
15. સિલેકટ ફાઇલ - ૨૦૨૬.